ચાણક્ય ગ્રુપનું કડક અભિગમવાળું દૈનિક

# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૩ અંક ૨૭૫ તારીખ ૨૧-૦૭-૨૦૧૭ પાનાં : ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : શ્રી રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા







# ઓટો શેરોમાં ઉછાળો જોવાય

ગયા અંકમાં દર્શાવ્યું હતું તે મુજબ સેન્સેક્સ અને નિફ્ટીમાં મજબૂત તેજીનો તબક્કો ચાલુ થઈ ગયો છે અને ફરી એક વખત સ્મોલકેપ અને મિડકેપ શેરોમાં પણ આ વખતે જોરદાર ફેન્સી છે.

ચોમાસું એક વખત અટક્યા પછી ફરી વખત ઝડપથી આગળ વધતું જાય છે અને આ વખતે ચોમાસું વ્યાપક રીતે પથરાયેલું હોવાની સાથે સાથે તોફાની વરસાદ નથી અને તેથી આસામ અને મણિપુરના અમુક વિસ્તારોને બાદ કરતાં દેશના કોઈ પણ વિસ્તારોમાં પૂરના સમાચારો નથી

**ડીશટીવીનો શેર આ ભાવે ઈન્વેસ્ટમેન્ટની રીતે ખૂબ આકર્ષક**

આવતા અને તેથી આ વખતે કૃષિ પાક બમ્પર આવે તેવી ગણતરી છે. ખાંડમાં તો અત્યારથી જ બમ્પર પાક આવે તે સંભાવના જોવાય છે અને તેવી જ રીતે ડેરી પ્રોડકટોમાં પણ જોરદાર વૃદ્ધિની ગણતરી છે. ઈન્ડિયન સુગલ મિલ્સ એસોસિએશનના અંદાજ મુજબ ઓકટોબરથી શરૂ થનારી સને ૨૦૧૭-૧૮ની ખાંડની સિઝનમાં ગયા વર્ષની સરખામણીમાં ઉત્પાદન ૨૫ ટકા વધીને ૨.૫૧ કરોડ ટન થવાની ગણતરી છે. જ્યારે સને ૨૦૧૬-૧૭ માટે ઈસ્માએ ૨.૦૩ કરોડ ટનનો અંદાજ મૂક્યો હતો. ભારતના ખાંડના કુલ ઉત્પાદનમાં ઉત્તરપ્રદેશનો હિસ્સો લગભગ ૪૦ ટકા છે અને તેમાં પણ ગયા વર્ષની સરખામણીમાં બમ્પર ઉત્પાદન આવે તે સંભાવના જોવાય છે અને તે બાબત ખાંડમાં ભાવ નીચા રહેશે તેવો સ્પષ્ટ સંકેત આપે છે.

સામે પક્ષે ડાઉજોન્સ ઈન્ડસ્ટ્રીયલ એવરેજમાં પણ રેકોર્ડ ઉછાળો જોવાયો. ફેડરલ રિઝર્વના ચેરમેન જેનેટ યેલેન દ્વારા વ્યાજદરમાં વધારો કરવાની સંભાવના વધારે છે તેવો સંકેત આપતાં અમેરિકન અર્થતંત્ર મજબૂત હોવાનો વિશ્વાસ અમેરિકાના ઈન્વેસ્ટરોમાં વધ્યો છે અને તેને કારણે અમેરિકન શેરબજારોમાં વિક્રમી તેજીનો ટ્રેન્ડ અત્યારે શરૂ થઈ ગયો છે.

અમેરિકામાંથી આવતાં અન્ય આર્થિક આંકડાઓ પણ એકદમ મજબૂત ટ્રેન્ડનો સંકેત આપે છે.

અમેરિકામાં કૃષિ સિવાયના રોજગારીના આંકડાઓ ૧.૭૯ લાખના અંદાજની સામે ૨.૨૨ લાખ આવ્યા છે. એટલે કે અર્થશાસ્ત્રીઓની અપેક્ષા કરતાં પણ રોજગારીમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. તેવી જ રીતે ક્રૂડના ભાવ પણ અત્યારે ૪૪થી ૪૫ ડોલર આસપાસ સ્થિર થઈ ગયા હોવાથી તે બાબત પણ અમેરિકન અર્થતંત્ર અને વૈશ્વિક અર્થતંત્ર માટે ખૂબ જ પોઝિટીવ છે અને આગામી દિવસોમાં અમેરિકન અર્થતંત્રની તેજીની સાથે સાથે ભારત અને અન્ય એશિયાઈ દેશોના અર્થતંત્રમાં નોંધપાત્ર સુધારાની સંભાવના જોવાય છે.

ચાલુ વર્ષે કરવેરાની આવકો પ્રથમ ક્વાર્ટર દરમ્યાન અપેક્ષા કરતાં વધારે સુધારો દર્શાવે છે અને હવે જીએસટીનો અમલ એકંદરે શરૂ થઈ ગયો છે. મોટા ભાગના તમામ શોપિંગ મોલ, પેટ્રોલ પંપો, રિપેર સ્ટેશનો, ઓટોમોબાઈલ કંપનીઓ, ખાદીઘર વગેરે ઠેકાણે જીએસટી અમલમાં આવી ગયો છે. પરંતુ હજી કાપડ બજાર સાથે સંકળાયેલા વેપારીઓની હડતાળ ચાલુ છે.

કાપડ બજારમાં પણ જીએસટીના અમલ અંગે વેપારીઓ બે જૂથમાં વહેંચાઈ ગયા છે અને એશિયાના સૌથી મોટા કાપડ માર્કેટ મૂળજી જેઠામાં એકંદરે કામકાજ નોર્મલ રીતે ચાલી રહ્યું હોય તેવા રિપોર્ટ મળ્યા છે.

સામે પક્ષે અમદાવાદના ન્યૂક્લોથ માર્કેટ અને અન્ય કેટલાક માર્કેટમાં મોટા વેપારીઓને અથવા તો મિલો સાથે જેમને મોટું કામકાજ છે તેમને જીએસટી અંગે કોઈ પ્રશ્ન નથી. કારણ કે આ વેપારીઓના ચોપડાઓ પહેલેથી જ ઓડિટ થતા હતા અને તેને કારણે જીએસટીને કારણે તેમને કોઈ વધારે હિસાબો રાખવા પડે તેવો કોઈ ભય નથી. મુખ્ય બાબત નાના વેપારીઓની છે કે જેઓ અત્યાર સુધી કોઈ જ પ્રકારના વ્યવસ્થિત ચોપડાઓ રાખતા નહોતા અને બહુમતી વેપારીઓમાં તો વર્ષ પૂરું થયા પછી ૪-૫ મહિને કેટલો નફો બતાવવો છે તેને આધારે એકાઉન્ટસ તૈયાર કરી દેવાતા હતા અને જરૂર પૂરતાં એકાઉન્ટસના બિલો રાખીને બાકીનાં બિલો તેઓ ફાડી નાંખતા હતા. વાસ્તવમાં ૫૦ લાખનો સ્ટોક હોય પરંતુ નફો જેટલો બતાવવાનો નક્કી કર્યો હોય તેને આધારે સ્ટોકનો આંકડો ૨૦ લાખ આવે તો તેઓ ૨૦ લાખ બતાવી દેતાં અને સ્વાભાવિક છે કે આવા વેપારીઓને જીએસટીને કારણે હવે બધું સ્વચ્છ કરવું પડશે તેમ દેખાતાં પેટમાં ચૂંક આવી હોય અને તેથી આ વેપારીઓ અત્યારે જોરશોરથી વિરોધ કરતા હોય તેવા આક્ષેપો પણ થઈ રહ્યા છે.

પરંતુ સામે પક્ષે ગાર્મેન્ટમાં જીએસટીને અંગે કેટલીક વ્યવહારુ મુશ્કેલીઓ પણ છે. ગાર્મેન્ટ અને પ્રોસેસિંગમાં અસંખ્ય પ્રક્રિયાઓ છે અને તે દરેકનો હિસાબ કેવી રીતે રાખવો તે પણ પ્રશ્ન વેપારીઓને સતાવે છે. પરંતુ સામે પક્ષે આ દલિલ અંગે પણ અન્ય વેપારી વર્ગ ખોટી દલીલ હોવાનું દર્શાવી રહ્યા છે. ગાર્મેન્ટનો એક વેપારી કોઈને ૧૦૦ પીસ પ્રોસેસ કરવા સોંપે તો કોઈ પણ જાતનાં હિસાબ વગર તો તે સોંપી દેતો હોય તેમ તમે માની શકો ? આજે ગાર્મેન્ટના એક વેપારીએ બે જણને અલગ અલગ લોટ અલગ અલગ પ્રોસેસ માટે આપ્યો હોય તો તેની નોંધ તો ત્રણેય પાર્ટીઓ રાખતી હોય. પરંતુ અગાઉના દિવસોમાં નફો કેટલો બતાવવાનો છે તેને આધારે વર્ષને અંતે બિનજરૂરી નોંધો તેઓ ફાડી નાંખતા હતા અને હવે આ નોંધો તેમણે સરકારને દર્શાવવી પડશે અને તેથી અનેક વેપારીઓના સાચા નફા બહાર આવી જશે અને વધારે આવકવેરો ભરવો પડશે તે મુખ્ય મુશ્કેલી છે.

કાપડ બજારમાં અત્યારે એક એવી માન્યતા છે કે કાપડના વ્યવસાય સાથે અસંખ્ય લોકો સંકળાયેલા છે અને ખાસ કરીને અમદાવાદ, મુંબઈ અને મહારાષ્ટ્ર કે જે ભાજપનો ગઢ મનાય છે તેના વેપારીઓનો વિરોધ હોવાને કારણે સરકાર નમતું જોખી દેશે. પરંતુ સામે પક્ષે વેપારીઓનો એક બીજો વર્ગ પણ છે કે જેઓ માને છે કે શ્રી મોદી અને હસમુખ અઢિયાએ આ પાસું પહેલેથી જ વિચારેલું હોય અને તેથી આ તબક્કે તેઓ નમતું જોખે તેવી કોઈ સંભાવના નથી. અગાઉ ૩ મહિના સુધી જ્વેલર્સોએ ટીડીએસ અંગે હડતાળ પાડેલી પરંતુ તેમને પણ કોઈ દાદ આપવામાં નહોતી આવેલી અને તેથી આ વખતે કાપડના વેપારીઓને પણ ખાલી સાંત્વના આપીને હડતાળ સંકેલી લેવાશે તે સંભાવના વધારે છે.

જીએસટીના અમલને કારણે અત્યારે તો કેટલાક ઉદ્યોગોમાં ઉત્પાદન અને નિકાસોને અસર પડી છે. પરંતુ આ તબક્કો એકાદ મહિનાથી વધારે લાંબો ચાલે તેવો ભય નથી અને લગભગ ઓગસ્ટ મહિનાથી પરિસ્થિતિ નોર્મલ થઈ જશે તે સંભાવના વધારે છે અને આ અપેક્ષા અને ગણતરીઓને કારણે અત્યારે શેરબજારમાં ફુલગુલાબી તેજીનો માહોલ શરૂ થઈ ગયો છે.

ઓટો સેક્ટરમાં જીએસટીને કારણે તમામ ડીલરોએ જે રીતે જંગી ડિસ્કાઉન્ટો આપવાનું શરૂ કર્યું હતું તેને કારણે વેચાણો જોરદાર આવશે તેવી અપેક્ષા હતી. પરંતુ વાસ્તવમાં ઓટોમોબાઈલ કંપનીઓના આંકડા અપેક્ષા કરતાં નબળા આવ્યા છે અને તેનું મુખ્ય કારણ કંપનીઓ તરફથી હવે દર્શાવાયું છે કે જીએસટીને કારણે મોટા ભાગના ડિલરોએ પોતાની પાસેનો માલ ખાલી કરવા માટે જંગી ડિસ્કાઉન્ટો આપ્યા હતા પરંતુ સામે પક્ષે તેમણે કંપનીઓ પાસેથી ઓર્ડરો ઓછા કરી નાંખેલા અને તેથી જૂન મહિનાના જે આંકડા હવે આવ્યા છે તેમાં પેસેન્જર કારના વેચાણોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. જ્યારે કોમર્શિયલ વાહનો અને ટુ વ્હીલરોમાં એકદમ નાનો સુધારાનો ટ્રેન્ડ છે.

પરંતુ સામે પક્ષે ઓટોમોબાઈલ કંપનીઓએ ૧ જુલાઈથી વાહનોની કિંમતોમાં નોંધપાત્ર ઘટાડો કરી નાખ્યો અને તે કારણે સરકાર પણ ખુશ અને આગામી સમયગાળામાં ડીલરોને પણ નીચા ભાવે માલ મળ્યો હોવાથી તેઓ પણ વાહનોની કિંમતો ઘટાડી રહ્યા છે અને આ માહોલ વચ્ચે હવે ઓગસ્ટ મહિનામાં તહેવારોની સિઝન આવી રહી હોવાથી અને ચોમાસું સુંદર હોવાથી ઓટો કંપનીઓના વેચાણો જોરદાર થશે તે આશાવાદ વધ્યો છે અને આ વખતે ઓટો સેક્ટરની તેજીનો ફાયદો ટુ વ્હીલર કંપનીઓ મારુતી સુઝુકી અને કોમર્શિયલ વાહનોને તેમજ ટ્રેક્ટર ઉત્પાદકોને જોરદાર મળવાની ગણતરી છે.

ટુ વ્હીલર કંપનીઓમાં છેલ્લાં ૨ મહિનાથી **બજાજ ઓટો**નો શેર કરેક્શનના તબક્કામાં હતો અને હવે તે શેરમાં મજબૂત અપટ્રેન્ડ શરૂ થઈ ગયો છે. બજાજ ઓટો અત્યારે રૂ. ૨૭૮૫ ઉપર છે અને આગામી દિવસોમાં આ શેરમાં મજબૂત ઉછાળા સાથે રૂ. ૩૦૫૦નો ભાવ જોવા મળવાની ગણતરી છે અને તે રીતે થોડાંક શેરો લઈને મૂકી દેવાય. અન્ય ટોચની ટુ વ્હીલર કંપની **હિરો મોટોકોર્પ**નો શેર અત્યારે રૂ. ૩૭૧૮ ઉપર આવી ગયો છે અને આ શેરમાં પણ રોકાણ કરી દેવાય. વાસ્તવમાં હિરો મોટોકોર્પ અને બજાજ ઓટો વચ્ચે મોટો તફાવત નહોતો રહેતો પરંતુ અત્યારે જે રીતે આ બંને શેરો વચ્ચે રૂ. ૧૦૦૦નો તફાવત છે તે જોતાં મારું ફોકસ **બજાજ ઓટો** ઉપર જ વધારે છે અને આ વખતની તેજીમાં હિરો મોટોકોર્પની સરખામણીમાં બજાજ ઓટો વધારે રિટર્ન આપી જવાની ગણતરી છે.

તે જ પ્રકારે **ટીવીએસ મોટર્સ** ઉપર પણ ખેલાડીઓનું ફોકસ વધ્યું છે. અત્યારે રૂ. ૫૬૬ ઉપર આવી ગયેલા આ શેરમાં રોકાણ જાળવી રખાય અને આગામી દિવસોમાં આ શેરમાં રૂ. ૬૦૦ના ભાવની સંભાવના મજબૂત છે.

સામે પક્ષે **ટાટા મોટર્સ** નાનું કરેક્શન પતાવીને અપટ્રેન્ડમાં આગળ વધી ગયો છે. તે શેરમાં ફોકસ રખાય. ટાટા મોટર્સ અત્યારે રૂ. ૪૬૧ ઉપર છે અને ટાટા મોટર્સ ડીવીઆર અત્યારે રૂ. ૨૭૪ ઉપર ચાલી રહ્યો છે અને આ બંને શેરોમાં રિરેટીંગની જગ્યા છે.

સામે પક્ષે **મારુતી સુઝુકી** અત્યારે ઉંચા પીઈ રેશિયો ઉપર ચાલી રહ્યો છે. રૂ. ૭૪૭૬ ઉપર આવી ગયેલા મારુતિના શેરમાં પીઈ રેશિયોની દૃષ્ટિએ ભાવ થોડો ઉંચો લાગે પરંતુ રોકાણ જાળવી શકાય અને તે શેરમાં પણ સુંદર ઉછાળાની જગ્યા છે. ઉપરમાં રૂ. ૭૬૦૦-૭૭૦૦નો ભાવ આવી જવાની ગણતરી.

કેટલાંક વાંચકોને **ફોર્સ મોટર્સ** અંગે ઈંતેજારી હોય છે. ફોર્સ મોટર્સમાં કંપનીના પરિણામો તો ખાસ પ્રોત્સાહક નથી પરંતુ તાજેતરમાં આ કંપનીને એક વિદેશી કંપનીના એન્જિનનો મોટો ઓર્ડર મળ્યો છે અને તે પાછળ થોડું ઘણું આકર્ષણ જોવાય છે. ફોર્સ મોટર્સમાં અત્યારના ભાવે લાંબો કસ નથી દેખાતો અને તેથી રોકાણ કરી દેવાની ઉતાવળ ના કરાય.

**આઈસર**નો શેર અત્યારે સારો એવો વધી ગયો છે. આઈસર અત્યારે ૪૬ના પીઈ રેશિયો ઉપર રૂ. ૨૮૨૪૮ આસપાસ ચાલે છે અને તેથી આગામી દિવસોમાં જૂનું રોકાણ હોય તો જાળવી રખાય પરંતુ આવા ઉંચા ભાવે નવા શેરો લેવામાં મજા નથી.

સામે પક્ષે ઓટો એન્સિલરી શેરોમાં પણ અત્યારે મોટા ભાગના શેરોના ભાવ સારા એવા વધી ગયા છે. **સોના સ્ટિયરીંગ** કે જે રૂ. ૨૦-૩૦ના ભાવે લેવડાવતા હતા તે ૩ આંકડામાં પહોંચી ગયો અને તેથી અત્યારના તબક્કે સોના સ્ટિયરિંગમાં થોડું થોડું પ્રોફીટ બુકીંગ કરીને તે પૈસા ઓટોમોબાઈલ ઈન્સ્ટ્રુમેન્ટ બનાવતી **પ્રિકોલ**ના શેરમાં શિફ્ટ કરતા જવાય અને પ્રિકોલમાં સુંદર રિટર્ન છૂટશે તે સંભાવના મજબૂત છે.

ઓટો એન્સિલરી સેક્ટરમાં વડોદરા સ્થિત **બેન્કો પ્રોડક્ટ**નો શેર ધ્યાનમાં રખાય. આ કંપની ઓટોમોબાઈલ માટના રેડિયેટર બનાવે છે અને સાથે સાથે તેના રેડિયેટર હવે જનરેટર સેટમાં પણ જોરદાર વેચાય છે. કેવળ રૂ. ૧૪.૩૦ કરોડની ઈક્વિટી ધરાવતી આ કંપનીમાં અત્યારના રૂ. ૨૨૨ના ભાવે થોડાંક શેરો લઈને મૂકી દેવાય અને આ વખતે બેન્કોના શેરમાં મજબૂત રિરેટીંગની જગ્યા છે.

તેવી જ રીતે **એમટેક ઓટો**નો શેર પણ અત્યારના ભાવે ધ્યાનમાં રખાય. દેવાનો મોટો બોજો ધરાવતી આ કંપનીમાં કોઈક સારા સમાચારો આવે તે સંભાવના છે.

આઈપીઓ પછી **એન્ડ્યોરન્સ ટેકનોલોજી**નો શેર ઘટીને એક તબક્કે રૂ. ૫૧૮ થઈ ગયો હતો પરંતુ અત્યારે આ શેર લગભગ રૂ. ૯૦૦ આસપાસ આવી ગયો છે અને આવા ઉંચા ભાવે એન્ડ્યોરન્સમાં પ્રોફીટ બુકીંગ કરતા જવાય અને તે પૈસા **એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ**માં શિફ્ટ કરવા વધારે સલાહભરેલ છે. એક્સાઈડમાં એન્ડ્યોરન્સ કરતાં ઈક્વિટી અડધી છે જ્યારે વેચાણો ડબલ છે અને તેથી રૂ. ૨૨૦ આસપાસના ભાવે થોડાંક એક્સાઈડ લઈને મૂકી દેવાય.

તે જ પ્રકારે **જીએનએ એક્સલ**ના શેરમાં પણ રોકાણ જાળવી રખાય અને તે શેરમાં મજબૂત ઉછાળાની જગ્યા દેખાય છે.

રૂ. ૧૦૦૦ કરોડના વેચાણો ધરાવતી **જમના ઓટો**ના શેરમાં લાંબો કસ નથી. એકંદરે આ શેર તરફ ફેન્સી ઓછી હોય છે અને તેથી આ શેરમાં ભાવ નીચો હોવા છતાં પણ મોટું રોકાણ કરી દેવું સલાહભરેલ નથી.

રૂ. ૨૫૧ કરોડના વેચાણો ધરાવતી **સેમકર પિસ્ટન**નો શેર ધ્યાનમાં રખાય. પિસ્ટનના બિઝનેસમાં આ કંપની અતિશય આધુનિક ટેકનોલોજી ધરાવે છે. પરંતુ કોઈક કારણસર પિસ્ટનના માર્કેટમાં તેની હાજરી ખૂબ નાની છે અને આટલાં વર્ષો પછી પણ માંડ ૨૫૦ કરોડના વેચાણો હાંસલ થઈ શક્યા છે. પરંતુ સેમકરનું મજબૂત પાસું એ છે કે આ કંપની કેવળ રૂ. ૯.૮૨ કરોડની નાની ઈક્વિટી ધરાવે છે અને રૂ. ૧૦૯ની બુકવેલ્યુ સામે બજારભાવ અત્યારે રૂ. ૨૬૮ ચાલે છે. આ શેરમાં રિરેટીંગની મોટી જગ્યા છે અને તેથી વધારે નહીં તો ૧૦ કે ૨૦ શેર લઈને મૂકી દેવાય.

તેવી જ રીતે માંડ રૂ. ૧ કરોડની ઈક્વિટી ધરાવતી **ટ્રિટોનવાલ્વ**ના શેરમાં થોડું રોકાણ કરી દેવાય. સને ૨૦૦૦માં અને તે પછી સને ૨૦૦૬માં આ શેરે તોફાની ઉછાળો બતાવ્યો હતો. અત્યારે ફક્ત રૂ. ૧૬૨૦ ઉપર છે અને તેમાં થોડાંક શેરો લઈને મૂકી દેવાય.

સામે પક્ષે **શ્રીરામ પિસ્ટન** કે જે પિસ્ટનના માર્કેટમાં ખૂબ મોટું નામ ધરાવે છે અને રૂ. ૧૫૦૦ કરોડના વેચાણો છે તેના રૂ. ૨૦૦૦વાળા શેરમાં રોકાણ કરી શકાય. શ્રીરામ પિસ્ટનમાં ભાવ સારો એવો ઉંચો છે અને તેમ છતાં માર્કેટનો મોટો હિસ્સો આ કંપની પાસે હોવાથી ઓટોમોબાઈલ બિઝનેસની તેજીનો મોટો ફાયદો તેને મળશે અને તેથી થોડાંક શેરો પકડી શકાય.

જે રીતે પિસ્ટનના માર્કેટમાં શ્રીરામ પિસ્ટન લગભગ મોનોપોલી જેવી પરિસ્થિતિમાં છે તેવી જ રીતે ક્રેન્કશાફ્ટના માર્કેટમાં **પ્રિસિશન ક્રેન્કશાફ્ટ** અતિશય મજબૂત પોઝિશનમાં છે અને આ વર્ષે કંપની રૂ. ૫૦૦ કરોડના વેચાણો હાંસલ કરે તે સંભાવના મજબૂત છે. આઈપીઓ પછી એક તબક્કે રૂ. ૧૮૮ બતાવીને આ શેર રૂ. ૧૩૩ આસપાસ આવી ગયો છે અને તેમાં પણ થોડું રોકાણ કરી શકાય. મધ્યમગાળે તે શેર પણ રિટર્ન આપી જવાની જગ્યા છે.

ટેલિકોમ સેક્ટરના શેરોમાં અત્યારે મજબૂત આકર્ષણ જોવાય છે અને લાંબા સમય પછી અન્ય ટેલિકોમ શેરો તરફ રિલાયન્સ જીઓને કારણે જે ભય હતો તે હવે ઘટવા લાગ્યો છે અને તેને કારણે **ભારતી એરટેલ**ના શેરમાં તો સુંદર ઉછાળો શરૂ થઈ ગયો અને બીજા તબક્કામાં **આઈડિયા**ના શેરમાં પણ આકર્ષણ વધવાની ગણતરી છે. ભારતી એરટેલ રૂ. ૪૨૧ ઉપર આવી ગયો છે અને તેમાં આંશિક બુકીંગ કરી શકાય. સામે પક્ષે આઈડિયામાં પણ અત્યારના ભાવે લેવાલી શરૂ થઈ ગઈ છે. રૂ. ૮૫-૮૬ના આ શેરમાં જોખમ નહિવત્ અને ધીમા સુધારા સાથે રૂ. ૯૫ ઉપર ભાવ આવવાની ગણતરી છે. પરંતુ શોર્ટટર્મ ખેલાડીઓનું આકર્ષણ હવે **ટાટા કોમ્યુનિકેશન**ના શેર ઉપર વધ્યું છે. થોડાં દિવસો પહેલાં એવી વાત ચાલુ થઈ હતી કે ટાટા ગ્રૂપ ભારતી એરટેલમાં વ્યૂહાત્મક હોલ્ડિંગ લેશે. ટાટા ગ્રૂપના નવા ચેરમેન એન.ચંદ્રશેખરન નુકસાનવાળા બિઝનેસો અંગે ઝડપી પગલાં લેવા લાગ્યા છે અને સ્વાભાવિક છે કે **ટીટીએમએલ** અંગે તેઓ ખૂબ જ ગંભીર હોય. ટાટાસન્સ ટીટીએમએલમાં મોટું ભંડોળ લાવે અને પોતાનું ઈક્વિટી હોલ્ડિંગ ૯૦ ટકા સુધી લઈ જાય અને તે પછી તે કંપનીનું અને ટાટા કોમ્યુનિકેશનનું મર્જર કરી દેવાય તે સંભાવના જોવાય છે અને તે પાછળ ટીટીએમએલમાં પણ થોડું થોડું આકર્ષણ વધ્યું છે.

સામે પક્ષે **એમટીએનએલ**ના શેરમાં દેખીતી રીતે કોઈ કસ નથી દેખાતો અને ભારત સરકાર અત્યારે એચપીસીએલ-બીપીસીએલ જેવી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ અને રેલ્વે કંપનીઓના ડીસઈન્વેસ્ટમેન્ટ ઉપર ફોકસ ધરાવે છે અને તેથી આ તબક્કે એમટીએનએલમાંનું હોલ્ડિંગ વેચાય અથવા તો બીએસએનએલ અને એમટીએનએલનું મર્જર કરાય તેવી કોઈ સંભાવના નથી દેખાતી અને તેથી આ બે શેરોમાં મોટા ઉછાળાની જગ્યા મર્યાદિત છે.

સામે પક્ષે ટેલિકોમ કેબલ શેરોમાં હવે થોડુંક ફોકસ કરી શકાય અને તે એંગલથી **વિદ્યાટેલી**નો શેર ધ્યાન ખેંચે છે. રૂ. ૧૦૦૦ કરોડના વેચાણો ધરાવતી વિદ્યાટેલીમાં ચાલુ વર્ષે રૂ. ૧૨૦૦થી રૂ. ૧૩૦૦ના કરોડના વેચાણોની સંભાવના છે. ઈક્વિટી ફક્ત રૂ. ૧૧.૮૫ કરોડ છે અને રૂ. ૧૦ની કિંમતનો શેર અત્યારે રૂ. ૭૮૧ ઉપર ચાલે છે અને તે રીતે આ શેરમાં મજબૂત રિરેટીંગની જગ્યા છે અને થોડાંક વિદ્યાટેલીના શેર લઈને મૂકી દેવાય. સામે પક્ષે **સ્ટરલાઈટ ટેકનોલોજી**માં અત્યારે ખાસ કોઈ ફેન્સી નથી દેખાતી અને તેથી તે શેરમાં મોટું રોકાણ કરવાની જરૂર નથી.

**શિલ્પી કેબલ** રૂ. ૨૦૦૦ કરોડના વેચાણો ધરાવતી હોવા છતાં આ શેર અંગે કશુંક નકારાત્મક છે અને એટલે જ રૂ. ૨૫૨ થઈને શેર રૂ. ૩૦ આસપાસ ચાલી રહ્યો છે. ટેકનિકલ એંગલથી જોઈએ તો શિલ્પી કેબલમાં થોડાંઘણાં ઉછાળાની જગ્યા છે. પરંતુ રૂ. ૩૪ની બુકવેલ્યુવાળો શેર રૂ. ૩૦-૩૨ આસપાસ મળતો હોય અને નફાશક્તિ પણ જોરદાર હોય તો તે બાબત આ કંપનીમાં કશુંક ખોટું હોવાનું દર્શાવે છે અને તેથી સટ્ટાકીય રીતે થોડાંઘણાં શેર લેવા હોય તો અલગ વાત છે. બાકી મોટું જોખમ લેવું નહીં.

ટેલિકોમ ઈક્વિપમેન્ટ કંપનીઓમાં પણ અત્યારે ખાસ કોઈ જ આકર્ષણ નથી રહ્યું અને મોટા ભાગના ટેલિકોમ ઈક્વિપમેન્ટ અત્યારે ચીનથી

## એફઆઈઆઈ ટ્રેન્ડ

### એફઆઈઆઈ સાવચેત

આ વખતની જોરદાર તેજીમાં એફઆઈઆઈનું વલણ થોડુંક સાવચેતીભર્યું છે. તેજીમાં આ વખતે રિટેલ ઈન્વેસ્ટરો અને ભારતીય મ્યુચ્યુઅલ ફંડો ખૂબ જ મોટા પાયે લેવાલ થઈ ગયા છે. મ્યુચ્યુઅલ ફંડો પાસે એસઆઈપીને કારણે જંગી ભંડોળ આવતું જાય છે અને મિડકેપ શેરોમાં તોફાની તેજીને કારણે રિટેલ ઇન્વેસ્ટરો સક્રિય છે પરંતુ સામે પક્ષે વિદેશી સંસ્થાઓ આ વખતની તેજીમાં એકદમ મોટા પાયે લેવાલ થવાને બદલે વેઈટ અને વોચની પોઝિશનમાં દેખાય છે. પરંતુ આ પરિસ્થિતિ થોડાં દિવસો પૂરતી જ રહે તેવી સંભાવના છે. કારણ કે જે રીતે અમેરિકન અર્થતંત્રમાં ફુલગુલાબી તેજી આગળ વધી રહી છે અને અમેરિકન શેરબજાર મજબૂતી દર્શાવી રહ્યા છે તે પાછળ સ્વાભાવિક છે કે અમેરિકાલક્ષી કેટલીક એફઆઈઆઈ થોડુંક પ્રોફીટ બુકીંગ કરીને તે ભંડોળ ભારતીય શેરબજારમાં આવે અને આ વખતે એફઆઈઆઈનું ફોકસ આઈટી અને ફાર્માને બદલે અન્ય ટ્રેડીશનલ ઉદ્યોગોના શેરો ઉપર વધારે છે અને તે દૃષ્ટિકોણથી એફઆઈઆઈ સ્ટીલ અને મેટલ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઓટોમોબાઇલ, ફર્ટિલાઈઝર અને ટોચની રિયલ એસ્ટેટ કંપનીઓ ઉપર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે તેવી ગણતરી છે. ટોચની બેન્ક શેરો ઉપર પણ એફઆઈઆઈનું આકર્ષણ આગામી દિવસોમાં વધશે તે સંભાવના મજબૂત છે.

શાંત ચિત્ત માટે મગજને સતેજ રાખે તેમજ ચિંતા, અકળામણ, ગુસ્સો દૂર કરે તે માટે વૈજ્ઞાનિક ઢબે તૈયાર થતું ક્રોસવર્ડ મેગેઝીન

મગજમારી ભેજામારી

નિવૃત્ત લોકો, ગૃહિણીઓ, બાળકો, ચાલીસીમાં પ્રવેશી ચૂકેલાઓ માટે બેસ્ટ

દર બુધવારે, કોપી બુક કરવો

**DYNAMIC INDUSTRIES LIMITED**

CIN : L24110GJ1989PLC011989
Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road,
G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23, Fax: 25834292
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

**સામાન્ય સુચના**

આથી સુચના આપવા માં આવે છે કે કંપનીની ૨૮મી વાર્ષિક સામાન્ય સભા તારીખ ૧૪ ઓગસ્ટ,૨૦૧૭ સમયઃ સવારે ૧૧:૩૦કલાકે યોજવામાં આવેલ છે,સ્થળઃ રજિસ્ટર્ડ ઓફિસ પ્લોટ નંબર ૨૫૫૦૧/૨ ફેઝ - ૩,ત્રિકમપુરા ચારરસ્તા,જી.આઇ.ડી.સી. વટવા,અમદાવાદ-૩૮૨૪૪૫,ગુજરાત. સભાની સૂચના સાથે સામાન્ય વ્યવસાયો,૩૧માર્ચ ૨૦૧૭ એ પૂરા થતા વર્ષની ઓડિટેડએકલ નાણાકીયપત્રક અને એકત્રિત નાણાકીયપત્રક,ઑડિટર્સ રિપોર્ટ અને ડિરેક્ટર્સરિપોર્ટ મોકલવામાં આવેલ છે અને જે સભ્યોના ઇ-મેલ આઇડી નોધાવેલ છે એ સભ્યોનેઇ-મેલ દ્વારા મોકલવામાં આવેલ છે.

સભ્યોને આથી જણાવવાનું કે નોટીસ અને બધા ડૉકયુમેંટ કંપનીની વેબસાઈટ www.dynaind.com પર ઉપલબ્ધ છે. બધા ડૉક્યુમેંટની નકલ સભ્યોના નિરીક્ષણ માટે ધંધાકિય કલાકો દરમ્યાન વાર્ષિક સામાન્ય સભા સુધી કંપનીના રજિસ્ટર્ડ ઓફિસ પર ઉપલબ્ધ રહેશે.

સભ્ય પ્રૉક્સી નિમણૂક કરી શકે છે,પ્રૉક્સી નિમણૂક માન્ય ત્યારે જ થશે જો એ પ્રૉક્સી નિમણૂકનું ફોર્મ ૪૮ કલાક પહેલા કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ પર જમા કરવામાં આવશે.

આથી સૂચના આપવામાં આવે છે કે કંપની એક્ટ,૨૦૧૩ ની કલમ ૯૧ અને સેબી (લીસ્ટિંગ ઓબ્લિગેશન ઍન્ડ ડિસક્લોઝર રિક્વાઈર્મેંટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના નિયમ ૪૨ મુજબ,ડિવિડન્ડ ચુકવણી માટે, જાહેર કરાય તો,શનિવાર,૧૨ ઑગસ્ટ,૨૦૧૭ થી સોમવાર,૧૪ ઑગસ્ટ,૨૦૧૭ ના રોજ મેમ્બર રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક બંધ રહેશે.

બોર્ડ ઓફડિરેક્ટર્સ હુકમ દ્વારા

સ્થળઃ અમદાવાદ
તારીખઃ૨૧જુલાઇ,૨૦૧૭

દીપક એન ચોક્શી
મેનેજિંગ ડિરેક્ટર
DIN:00536345

**DYNAMIC INDUSTRIES LIMITED**

CIN : L24110GJ1989PLC011989
Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road,
G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23, Fax: 25834292
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

**સૂચના-ઇ-વોટિંગ**

આથી સુચના આપવા માં આવે છે કે કંપનીની ૨૮મી વાર્ષિક સામાન્ય સભા તારીખ ૧૪ ઓગસ્ટ,૨૦૧૭સમયઃ સવારે ૧૧:૩૦કલાકે યોજવામાં આવેલ છે.કંપનીઝ એક્ટ, ૨૦૧૩,કલમ-૧૦૮ અને સેબી,(લીસ્ટિંગ ઓબ્લિગેશન ઍન્ડ ડિસક્લોઝર રિક્વાઇરમેંટ) રેગ્યુલેશન,૨૦૧૫ ના નિયમ ૪૪ મુજબ,કંપની તેના બધા સભ્યો ને ઇ-વોટીંગ દ્વારા મત આપવાની સુવિધા આપે છે,જે ઠરાવ વાર્ષિક સામાન્ય સભામાં પસાર કરવાના છે. વાર્ષિક સામાન્ય સભા તેની રજિસ્ટર્ડ ઓફિસ,પ્લોટ નંબર ૫૫૦૧/૨ ફેઝ - ૩,ત્રિકમપુરા ચારરસ્તા,જી.આઇ.ડી.સી. વટવા,અમદાવાદ-૩૮૨૪૪૫,ગુજરાતમાં યોજવામાં આવેલ છે,સભ્યો તેમનો મત ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ દ્વારા કરી શકે છે.સભ્યો સ્થળ કરતાં અન્ય જગ્યાએથી પણ મત આપી શકે છે(રીમોટ ઇ-વોટિંગ) દ્વારા કંપનીએ વોટિંગ સુવિધા પૂરી પાડવા માટે એજન્સી તરીકે સેન્ટ્રલ ડિપૉજિટરી સર્વિસ(ઇંન્ડિયા)લિમિટેડની સેવાઓ લીધેલ છે.

કંપનીએ બધા સભ્યોને આ સુવિધાની માહિતી અને યૂજર-આઇડી અને પાસવર્ડ નોટીસમાં દર્શાવેલ છે.નોટીસ અને બધા ડૉકયુમેંટ કંપનીની વેબસાઇટ www.dynaind.com અને સેન્ટ્રલ ડિપૉજિટરી સર્વિસ(ઇંન્ડિયા)લિમિટેડની વેબસાઇટ www.evotingindia.com પર મુકવામાં આવેલા છે.

રિમોટ ઇ-વોટિંગ ૧૧ ઓગસ્ટ,૨૦૧૭,સવારે ૯:૦૦ થી ૧૩ ઓગસ્ટ,૨૦૧૭ સાંજે ૫:૦૦ વાગ્યા સુધી ચાલુ રાખવામાં આવશે,આ સમય બાદ આ સુવિધા બંધ કરી દેવામાં આવશે.જે વ્યક્તિનું નામ કટ-ઓફ તારીખ એટલે કે,૭ ઓગસ્ટ૨૦૧૭ પર સભ્યો/લાભદાયી માલિકોના રજિસ્ટરમાં હશે તે વ્યક્તિ રિમોટ ઇ-વોટિંગ સુવિધા મેળવવા હકદાર રહેશે.

જે વ્યકિત નોટીસ મોકલ્યા બાદ સભ્ય બનશે અને જે વ્યક્તિ પાસે કટ-ઑફ તારીખ એટલે કે,૭ ઓગસ્ટ,૨૦૧૭ના શેર હશે તે વ્યક્તિ પણ આ સુવિધા માટે હકદાર રહેશે.આ વ્યક્તિઓ તેમના યૂજર-આઇડી અને પાસવર્ડ માટે ahmedabad@linkintime.co.in અરજી મોકલીને મેળવી શકે છે.યૂજર-આઇડી અને પાસવર્ડ મેળવવા માટે વિગતવાર પ્રક્રિયા નોટીસમાં પણ આપેલ છે,નોટીસ અને બધા ડૉકયુમેંટ કંપનીની વેબસાઇટ www.dynaind.com અને સેન્ટ્રલ ડિપોઝિટરીઝ (ઇન્ડિયા) લિમિટેડની વેબસાઇટ www.evotingindia.com પર મુકવામાં આવેલ છે. જે સભ્ય પહેલેથી ઇ-વોટિંગ માટે સી.ડી.એસ.એલ સાથે રજીસ્ટર થયેલ છે, તે સભ્ય તેમના વર્તમાન યૂજર-આઇડી અને પાસવર્ડ દ્વારા રિમોટ ઇ-વોટિંગ કરી શકે છે.જે સભ્યો એ ઇ-વોટિંગ દ્વારા મત ના આપ્યો હોય તે સભ્યો વાર્ષિક સામાન્યસભા માં મતપત્ર દ્વારા મત આપી શકે છે.

રિમોટ ઇ-વોટીંગને લગતી સૂચના સામાન્યસભાની નોટીસમાં આપેલ છે.

ઇ-વોટીંગને લગતા પ્રશ્નો માટે સીડીએસએલની વેબસાઇડ www.evotingindia.com ના ફ્રીકવેંટ્લી આસ્કડ ક્વેસ્ચન્સ(FAQs) જોવા અથવા ફોન નંબર ૧૮૦૦-૨૦૦-૫૫૩૩ પર વિના મૂલ્ય ફોન કરવો.ઇ-વોટીંગને લગતી ફરિયાદ માટે કૃપ્યા સીડીએસએલ,૧૭મો માળ,પીજેટાવર,દલાલસ્ટ્રીટ,ફોર્ટ,મુંબઇ,૪૦૦૦૦૧,અથવા ફોન નંબર ૦૨૨-૨૨૭૨૩૩૩૩/૮૫૮૮ પર સંપર્ક કરવો.

બધા સભ્યો જેને ઇ-વોટિંગ કરેલ હશે તે સભ્ય સભામાં આવી શકે છે પણ એ સભ્ય માં મતપત્ર દ્વારા મત નહી આપી શકે.

બોર્ડ ઓફડિરેક્ટર્સ હુકમ દ્વારા

સ્થળઃ અમદાવાદ
તારીખઃ૨૧જુલાઇ,૨૦૧૭

દીપક એન ચોક્શી
મેનેજિંગ ડિરેક્ટર
DIN:00536345

**SHAH FOODS LIMITED**

CIN: L15419GJ1982PLC005071
**Regd. Office:** Kalol-Mehsana Highway, PO.-Chhatral,TA.--Kalol, Dist. Gandhinagar, PIN - 382729.
**Telephone : 079-26448371, 02764-233931**
**email: nirav.shah@shahfoods.com**

**NOTICE**

Notice is hereby given, pursuant to Regulation 29(1) of the SEBI (LODR) Regulations,2015 that the 02/2017-18 meeting of the Board of Directors of the Company will be held on Saturday, 05/08/2017 at "CHHATRAL",Kalol-Mehsana Highway, Taluka Kalol, Gandhinagar - 382729 to approve and take on record the un-audited results with limited review certificate for the Quarter ended 30/06/2017.

**By order of the Board of Directors**
**Sd/-**
**Nirav Shah**
**Managing Director**
**(DIN: 01880069)**

**Date : 19/07/2017**
**Place : Ahmedabad**